EDII

Divya Bhaskar

May 19, 2026
Page No. 08

**CONVOCATION**

## EDIIના 25મા દીક્ષાંત સમારોહમાં લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનયકુમારે કહ્યું,




# ‘શિક્ષક પહેલાં શીખ આપી બાદમાં પરીક્ષા લે છે, જ્યારે સમય પરીક્ષા લઈ બાદમાં શીખ આપે છે’

ગાંધીનગરઃ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાનો 25મો દીક્ષાંત સમારોહ યોજાયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત EDIIના પ્રેસિડેન્ટ રાકેશ શર્મા, ડિજી ડૉ.સુનીલ શુક્લા, ગવર્નિંગ બોર્ડના સભ્યો હાજર રહ્યા હતા. દીક્ષાંત સમારોહમાં 98 વિદ્યાર્થી અને સ્કોલર્સને ડિપ્લોમા, સર્ટિફિકેટ એનાયત કરાયા હતાં.

જ્યારે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ-આંત્રપ્રિન્યોરશીપના 76, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ-ઈનોવેશન આંત્રપ્રિન્યોરશીપ એન્ડ વેન્ચર ડેવલપમેન્ટના 8, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ-ઓનલાઈનના 11 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ હતી.

વિનય કુમાર સક્સેનાએ જણાવ્યું, ‘સતત બદલાતી દુનિયામાં સફળ થવા વ્યક્તિએ નવું શીખવાની ઉત્સુકતા જાળવી રાખવી જરૂરી છે. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે, તમે નૈતિકતા સાથે કાર્ય કરીને ઉત્તમ આંત્રપ્રિન્યોર્સ બનજો, કારણ કે, આ જ રાષ્ટ્ર અને માનવજાતની સાચી સેવા છે. રાકેશ શર્માએ કહ્યું કે, ‘ઈનોવેશન આંત્રપ્રિન્યોરશીપનો મુખ્ય આધારસ્તંભ છે. અસ્થિરતા, જટિલતાથી ભરેલી આ દુનિયામાં બદલાતી પરિસ્થિતિને અનુરૂપ થવાની જરૂર છે.

### આંત્રપ્રિન્યોરશીપ વાસ્તવમાં ઈનોવેશન, જોખમ લેવાની ક્ષમતા અને સકારાત્મક બદલાવ લાવવાનું માધ્યમ છે

શિક્ષણ એ જીવનભર ચાલનારી પ્રક્રિયા છે અને જ્ઞાનની આ વિશાળ દુનિયામાં આપણે હંમેશાં એક વિદ્યાર્થી જ રહીએ છીએ. એક સરસ કહેવત છે કે,‘પુસ્તકો વાંચતી વખતે ઊંઘ આવી જાય છે, પણ જ્યારે જીવન પાઠ શીખવે છે ત્યારે ઊંઘ ઊડી જાય છે.’ શિક્ષક અને સમય બંને શીખવે તો છે જ, પણ બંને વચ્ચે મોટો તફાવત એ છે કે શિક્ષક પહેલા શીખવીને પછી પરીક્ષા લે છે. જ્યારે, સમય પહેલાં પરીક્ષા લઈને પછી શીખવે છે.

આજના યુગમાં આંત્રપ્રિન્યોરશીપ એ સમાજ સેવાનું સર્વોચ્ચ સ્વરૂપ છે. તે માત્ર વ્યવસાય પૂરતી સીમિત નથી રહી, પરંતું દેશના સામાજિક અને આર્થિક પરિવર્તનનો મુખ્ય આધાર સ્તંભ બની ગઈ છે. ટેક્નોલોજી અને ઈનોવેશન આજે અર્થતંત્રના દરેક સ્તરને પ્રભાવિત કરી રહ્યા છે, તેથી દરેક આંત્રપ્રિન્યોર્સે આ વૈશ્વિક પ્રવાહને સમજીને સમય સાથે પોતાને બદલવા પડશે. આંત્રપ્રિન્યોરશીપ એ વાસ્તવમાં ઈનોવેશન, જોખમ લેવાની ક્ષમતા અને સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાનું એક સશક્ત માધ્યમ છે. **-વિનય કુમાર સક્સેના, લેફ્ટનન્ટ ગવર્નર, લદ્દાખ**